# સફળ અને નિષ્ફળ પણ ઐતિહાસિક લશ્કરી વ્યૂહરચનાઓ

કોઈ લશ્કરી કાર્યવાહી થકી ઈતિહાસ કરવટ બદલે એવા દાખલા ભલે જૂજ હોય પણ દુનિયાનો લશ્કરી અને રાજકીય ઈતિહાસ ફંફોસતા મળી તો ચોક્કસ જાય પણ ક્યારેય એવું સાંભળ્યું કે કોઈ એક યુદ્ધ અથવા ચોક્કસ પ્રકારની લશ્કરી કાર્યવાહી દરમ્યાન એક ચોક્કસ પ્રકારની લશ્કરી વ્યૂહરચનાના કારણે જે-તે યુદ્ધનું પાસું જ પલટાઈ ગયું હોય અને તેના કારણે દુનિયાનો લશ્કરી અને રાજકીય ઈતિહાસ જે રીતે લખાવાનું અપેક્ષિત હોય તેના કરતાં સાવ જુદી રીતે લખાયો હોય અને એટલા માટે જ આ લશ્કરી વ્યૂહરચનાઓ, પછી તે સફળ હોય કે નિષ્ફળ પણ ઐતિહાસિક તો ચોક્કસપણે બની ગઈ હોય! આ વખતે અહીં આવી જ કેટલીક સફળ અને નિષ્ફળ, છતાં ઐતિહાસિક લશ્કરી વ્યૂહરચનાઓની વાત કરી છે.

બોર્ડર
કેપ્ટન શૂરવીર સિંહ



## સફળ ઐતિહાસિક લશ્કરી વ્યૂહરચનાઓ

**1. ધ બૅટલ ઓફ પેલુસિયમ :** આ યુદ્ધમાં પર્શિયા (વર્તમાન ઈરાન)ના તત્કાલીન રાજા કેમ્બીસિસ બીજાએ તત્કાલીન ઈજિપ્ત સામે સૌ પ્રથમ સંરક્ષણાત્મક ઢાલ તરીકે અને પછી તેમના પર આક્રમણ કરવા માટે બિલાડીઓનો ઉપયોગ કર્યો હતો કારણ કે પશિયાના તત્કાલીન રાજા અને પ્રજા બંને જાણતા હતા કે ઈજિપ્તની પ્રજા માટે બિલાડી પવિત્ર અને અવધ્ય છે. આ વ્યૂહરચનાના કારણે જ છેવટે આ યુદ્ધમાં તત્કાલીન પર્શિયા સામે ઈજિપ્ત હારી ગયું હતું કારણ કે બિલાડીને સહેજ પણ નુકસાન પહોંચાડવું એ ઈજિપ્તની પ્રજા માટે



મૃત્યુદંડ સમાન હતું.

**2. ધ ટ્રોજન હોર્સ:** પ્રાચીન ગ્રીસ સામ્રાજ્યે તે સમયના ટ્રોય નગર પર આક્રમણ કર્યું ત્યારે ગ્રીકોએ આ જાણીતી લશ્કરી વ્યૂહરચનાનો ઉપયોગ કર્યો હતો. આ લશ્કરી વ્યૂહરચનામાં ગ્રીકોએ એક મોટા કદનો લાકડાનો ઘોડો બનાવીને તેની અંદર પોતાના સૈનિકો છુપાવી દીધા અને પછી તે ઘોડાનો લાકડાનો દરવાજો બંધ કરી દીધો. એ પછી ગ્રીકોએ આ ઘોડો ટ્રોયને ભેટમાં આપ્યો. આ રીતે આ લાકડાનો ઘોડો ટ્રોય નગરમાં પહોંચી ગયો. તેની અંદર છુપાયેલા ગ્રીક સૈનિકો રાત પડવાની રાહ જોતા હતા. જેવી રાત પડી કે તરત એ ઘોડામાં છુપાયેલા સૈનિકો તેનો દરવાજો ખોલીને બહાર આવી ગયા અને ટ્રોય નગર પર આક્રમણ કરી દીધું હતું.

**3. વિલિયમ:** ધ કોન્કરરર્સ ફેક રિટ્રીટ: બૅટલ ઓફ હેસ્ટિંગ્સ દરમ્યાન વિલિયમ ધ કોન્કરરે અંગ્રેજ સેનાને તેની મજબૂત કિલ્લેબંધીમાંથી બહાર લાવવા માટે બનાવટી પીછેહઠની આ વ્યૂહરચનાનો ઉપયોગ કર્યો હતો. જેવું અંગ્રેજ સેનાએ બહાર નીકળીને આક્રમણ કર્યું એ સાથે જ નોર્મનોએ પણ પ્રતિ આક્રમણ કરી દીધું હતું. દેખીતી રીતે મજબૂત કિલ્લેબંધી કરીને બેઠેલી સેના પર બહારથી અસરકારક આક્રમણ કરવા માટેની આ એક સફળ લશ્કરી વ્યૂહરચના છે.

**4. ટ્રેસીમીન તળાવ પર હનિબાલનું આક્રમણ:** રોમન લશ્કર સાથેના યુદ્ધમાં સેનાપતિ હનિબાલની આગેવાની હેઠળના કાર્થેજેનિયન લશ્કરે મસમોટા રોમન લશ્કરનું કદ ઘટાડવા માટે એક આબાદ યોજના બનાવી હતી. તેમણે વિશાળ રોમન લશ્કરને ટ્રેસીમીન તળાવ પાસેના સાંકડી કેડી જેવા યુદ્ધ મેદાનમાં લડાઈ કરવા માટે લલચાવ્યું હતું. આ સાંકડી કેડી પર યુદ્ધ કરવા માટે રોમન લશ્કર લલચાઈ ગયું પછી સેનાપતિ હનિબાલની આગેવાની હેઠળના કાર્થેજેનિયન લશ્કરે રોમન લશ્કરને આસાનીથી હરાવી દીધું હતું.

**બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ડી-ડે કહેવાતી જાણીતી લડાઈમાં જર્મન લશ્કરને ગેરમાર્ગે દોરવા માટે મિત્ર દેશોના લશ્કરે ભૂતિયા સેનાની આ વ્યૂહરચના અપનાવી હતી**

**5. ટ્યુટોબર્ગ જંગલમાંનું આક્રમણ:** એક સમયના જર્મેનિક સામ્રાજ્યના સેનાપતિ આર્મિનિયસે તત્કાલીન રોમન સામ્રાજ્યના લશ્કર સાથેના યુદ્ધ દરમ્યાન રોમન લશ્કરને ટ્યુટોબર્ગના ગીચ જંગલમાં ઘેરીને રોમન લશ્કરની ત્રણ ટુકડીઓનો ખાતમો બોલાવી દીધો હતો. આર્મેનિયસની આ કુનેહપૂર્વકની લશ્કરી વ્યૂહરચનાના કારણે જર્મેનિક રોમન સામ્રાજ્યથી પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવી શક્યું હતું.

**6. સલામીસ ખાતે દરિયાઈ આક્રમણ:** પર્શિયા અને ગ્રીસના યુદ્ધ દરમ્યાન એક તબક્કે પર્શિયન નેવીએ ગ્રીક લશ્કરને હંફાવી દીધું હતું અને ગ્રીસની સંભવિત હાર ટાળવા માટે તેમને કોઈ નવી વ્યૂહરચના અપનાવવાની ફરજ પાડી દીધી હતી. છેવટે ગ્રીકોએ સલામીસના સાંકડા જળમાર્ગે પર્શિયન નેવીને લલચાવવાનું અને ઘેરવાનું નક્કી કર્યું હતું. આ રીતે સાંકડા જળમાર્ગે ઘેરાઈને પર્શિયન નેવીનું સંખ્યાબળ ઝડપથી ઘટ્યું હતું અને છેવટે તેઓ હાર્યા હતા.

**7. ભૂતિયા સેના:** બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ડી-ડે કહેવાતી જાણીતી લડાઈમાં જર્મન લશ્કરને ગેરમાર્ગે દોરવા માટે મિત્રદેશોના લશ્કરે ભૂતિયા સેનાની આ વ્યૂહરચના અપનાવી હતી. આ વ્યૂહરચના અંતર્ગત ખોટા રેડિયો ટ્રાન્સમિશન્સ, સાઉન્ડ ઈફેક્ટ્સ, ખોટા સ્ટ્રેટેજી રેડિયો સિગ્નલ્સ અને નકલી ટેન્કો અને વળી ક્યાંક તો ટેન્કોની પ્રતિકૃતિઓનો પણ ઉપયોગ કર્યો હતો. આ રીતે ડી-ડેની લડાઈમાં જર્મન સેનાને ગેરમાર્ગે દોરવા માટે મિત્ર દેશોએ રીતસરની ભૂતિયા સેના જ ઊભી કરી હતી. એટલે જર્મન સેના માટે તો 'ઢૂંઢતે રહે જાઓગે' જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી.



**8. ધ ફ્લેન્ક્સ ફોર્મેશન:** ગ્રીક સામ્રાજ્યના સમયની રક્ષણાત્મક આક્રમણની આ જાણીતી લશ્કરી વ્યૂહરચના છે. ભાલા અને ઢાલથી સજ્જ ગ્રીક સૈનિકો તેમના મુખ્ય સેનાનીઓની આગળ લશ્કરની આગલી હરોળમાં એક મજબૂત માનવ દીવાલ રચી દેતા હતા. આ માનવ દીવાલ એટલી મજબૂત રહેતી કે શત્રુ સેના માટે તેને પાર કરવી એ તેમના માટે લોઢાના ચણા ચાવવા જેવું કામ બની રહેતું હતું. દુનિયામાં રાજાશાહી સામ્રાજ્યોનું વર્ચસ્વ હતું ત્યારે લાંબા સમય સુધી આ એક શ્રેષ્ઠ લશ્કરી વ્યૂહરચના ગણાતી રહી હતી.

**9. જાપાનના હોટ એર બલૂન્સ:** બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જાપાને પેસિફિક સમુદ્ર પરના આકાશમાં જ્વલનશીલ એટલે કે સળગતા ફુગ્ગાઓ વહેતા મૂક્યા હતા. જાપાનની આ વિશિષ્ટ લશ્કરી વ્યૂહરચનાનો હેતુ પોતાના માટે કોઈ જોખમ ઊભું કર્યા વગર અને જાનમાલની હાનિ વેઠ્યા વગર નોર્થ અમેરિકા પર આક્રમણ કરવાનો હતો.

**10. ટાયર નગર પરનું આક્રમણ:** એલેક્ઝાન્ડર ધ ગ્રેટ સામે જ્યારે ટાયર નગરે ઝુકવાનો ઈન્કાર કર્યો ત્યારે એલેક્ઝાન્ડર ધ ગ્રેટને પોતાનો હેતુ પાર પાડવા માટે કંઈક અલગ વિચારવાની ફરજ પડી અને તેણે ટાપુ જેવા ટાયર નગર સુધી પહોંચવા માટે સેતુ (બ્રિજ) બાંધવા માંડ્યો અને છેવટે તે નગર પર આક્રમણ કરી દીધું. ટાયર નગરના મજબૂત અને અસરકારક પ્રતિકાર છતાં છેવટે તો એલેક્ઝાન્ડર ધ ગ્રેટે ટાપુનગર ટાયર પર પોતાનું આધિપત્ય સ્થાપી જ દીધું હતું અહીં સુધી આપણે સફળ અને ઐતિહાસિક લશ્કરી વ્યૂહરચનાઓની વાત કરી. હવે તેની સાથે જ નિષ્ફળ પણ ઐતિહાસિક લશ્કરી વ્યૂહરચનાઓની વાત કરીએ તો આવી લશ્કરી વ્યૂહરચનાઓની યાદીમાં બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન રશિયન શિયાળામાં રશિયા પર જર્મનીએ કરેલું આક્રમણ, રણની આરપાર થયેલી કૂચ (માર્ચિંગ થ્રૂ ધ ડેઝર્ટ), ધ સ્પેનિશ આર્મડા, લાઈટ બ્રિગેડનું આક્રમણ. ધ મેજિનોટ લાઈન વર્ષોનિયન ગાર્ડ્સ બિટ્રેયલ, ધ બૅટલ ઓફ ક્રેસી, નેધરલેન્ડ્સ પર લૂઈ 24માનું આક્રમણ, ધ ઝુલુઝ હોમ ઓફ બફેલોઝ અને ધ બ્રેડોક એક્સપેડિશન જેવી નિષ્ફળ પણ ઐતિહાસિક લશ્કરી વ્યૂહરચનાઓનો સમાવેશ થાય છે. આ નિષ્ફળ છતાં ઐતિહાસિક લશ્કરી વ્યૂહરચનાઓની વિગતે વાત ફરી ક્યારેક કરીશું.




# 'બાગી 4' નિરાશ કરી ગઈ પણ ટાઈગર શ્રોફ નહીં!

ટાઈગર શ્રોફની ફિલ્મ 'બાગી 4' તેની પહેલી 'બાગી' જેટલું પણ ઓપનિંગ મેળવી શકી ન હતી. નવો કોઈ રેકોર્ડ બનાવવાને બદલે છેલ્લા કેટલાક સમયમાં પહેલી એવી ચર્ચિત ફિલ્મ બની છે જેની શુક્રવાર કરતાં શનિવારે ઓછી આવક થઈ હોય. શુક્રવારે એક પર એક ટિકિટ ફ્રીની યોજનાને કારણે રૂ.13 કરોડ કમાઈ શકી હતી. સમીક્ષકોએ એની ખાસ કોઈ પ્રસંશા કરી નથી કે દર્શકોએ પણ રસ બતાવ્યો નથી. લોકડાઉન પછી ટાઈગરની કારકિર્દીમાં ફ્લોપ ફિલ્મો લાઈન લાગી ગઈ છે. 'બાગી 4'નું નામ પણ આ યાદીમાં ઉમેરાય એવી શક્યતા છે. 2014 માં 'હીરોપંતી'થી પ્રવેશ કરનાર ટાઈગર 'બાગી'થી સ્ટાર બન્યો હતો. 'બાગી'એ વીકએન્ડમાં રૂ.38 કરોડ મેળવ્યા હતા. 9 વર્ષ પછી 'બાગી 4' રૂ.37 કરોડ મેળવી શકી છે.

ફિલ્મ માટે રૂ.80 કરોડ ભેગા કરવાનું મુશ્કેલ છે. કેમકે એમાં કંઈપણ મૌલિક નથી. એક તમિલ ફિલ્મમાંથી વાર્તા લેવામાં આવી છે પણ રીમેક ગણી નથી. ફિલ્મનું નામ સાર્થક થતું નથી. 'બાગી' એટલે બળવાખોર પણ ટાઈગર અને સંજયના પાત્રો બળવાખોર નથી. પ્રેમમાં ડૂબેલા પ્રેમીઓ લાગે છે. તે પોતાના પ્રેમ માટે લડે છે. એને 'એ' સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે, પરંતુ ટ્રેલરમાં જે લોહીયાળ અને ખતરનાક એક્શન દ્રશ્યો હતા એ ફિલ્મમાં નથી. તેથી ટ્રેલર જોઈને જનાર દર્શક દગો થયાનું અનુભવે છે. દ્રશ્યો જ કાપવામાં આવ્યા છે એટલું જ નહી સંવાદ પણ બદલવામાં આવ્યા છે. આ માત્ર એક્શન થ્રીલર નથી. એને સાયકોલોજીકલ થ્રીલર ગણી શકાય એમ છે. ઘણાં

ફિલ્મોગ્રાફ
રાકેશ ઠક્કર

એક્શન દ્રશ્યો 'એનિમલ'માંથી લેવામાં આવ્યા છે. માસ્ક પહેરેલા ગુંડાઓની ટોળકીને કુહાડી અને દાતરડાથી કાપી નાખવાનાં દ્રશ્યો સામાન્ય બની ગયા છે. એટલો બધો રક્તપાત બતાવવામાં આવ્યો છે કે તે નિરર્થક લાગે છે. એક સમયે એવું લાગે છે કે નિર્માતા 'એનિમલ' પ્રકારની ફિલ્મ બનાવવા માંગતા હતા. 'યે મેરા હુસ્ન' ગીત 'બેશરમ રંગ' ની ખરાબ નકલ જેવું છે. એક તરફ જોરદાર લડાઈનાં દ્રશ્યો ધ્યાન ખેંચે છે તો બીજી તરફ સતત હિંસા અને જટિલ વાર્તા ફિલ્મને ભારે બનાવે છે. ઘણા લોકો માટે તે થકવી નાખનારો અનુભવ સાબિત થઈ શકે છે. વાર્તા ચોક્કસ રસપ્રદ હતી પરંતુ નિર્દેશક તેને યોગ્ય રીતે પડદા પર રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા છે. VFX નબળું હોવાનો અંદાજ ટ્રેલર પરથી જ આવી ગયો હતો. એનું ઉદાહરણ સિંહનું દ્રશ્ય છે. જેને રાખવાની કોઈ જરૂર ન હતી.

ખૂનખરાબાનાં દ્રશ્યો ઘણી જગ્યાએ નકલી લાગતાં હતાં. વાર્તામાં કશું એવું નથી કે મગજનો ઉપયોગ કરવો પડે. કન્નડ નિર્દેશક એ. હર્ષને જવાબદારી સોંપવામાં આવી હતી, તેથી દક્ષિણ ભારતીય ફિલ્મો જેવી એક્શનની શૈલી છે એટલે ટાઈગર અને સંજય દત્ત એકબીજા સાથે લડે છે ત્યારે બૂમો પાડતા એકબીજા તરફ દોડે છે. ચાકો ક્યારે અવંતિકા સાથે એટલો બધો પ્રેમમાં પડી ગયો કે તે મારવા અને મરવા માટે તૈયાર થઈ ગયો એ સમજાતું નથી. ફિલ્મમાં અનેક ખામીઓ બતાવવામાં આવી રહી છે પરંતુ એક વાત બધાએ માની છે કે ટાઈગર શ્રોફે અભિનેતા તરીકે પુનરાગમન કર્યું છે. તેણે ફક્ત સ્ટંટ અને સ્નાયુઓ પર આધાર રાખ્યો નથી. ચહેરા પરના ગુસ્સા અને આંખોથી ઈમોશન બતાવ્યા છે. તેના અભિનયથી માનવું પડશે કે તેણે આ પાત્ર માટે મહેનત કરી છે.

**ઉપેન્દ્ર લિમયે એક પોલીસ અધિકારી તરીકે નાની ભૂમિકામાં યાદગાર ગંભીર છાપ છોડી જાય છે. એ પડદા પર આવે ત્યારે ફિલ્મમાં જાન આવી જાય છે. હરનાઝ કૌર સંધુને પહેલી જ ફિલ્મમાં અભિનયના ઘણા રંગો બતાવવાની તક મળી છે. સંજય દત્તે કહ્યું હતું કે 'વાસ્તવ' પછી તેને આ ભૂમિકા શક્તિશાળી લાગી હતી. જો કે એવું કંઈ કરવાની તક મળી નથી**

આમ પણ એ જ્યારે સંવાદ ના બોલતો હોય અને એક્શન કરતો હોય ત્યારે પ્રભાવિત કરે જ છે. ઉપેન્દ્ર લિમયે એક પોલીસ અધિકારી તરીકે નાની ભૂમિકામાં યાદગાર ગંભીર છાપ છોડી જાય છે. એ પડદા પર આવે ત્યારે ફિલ્મમાં જાન આવી જાય છે. હરનાઝ કૌર સંધુને પહેલી જ ફિલ્મમાં અભિનયના ઘણા રંગો બતાવવાની તક મળી છે. સંજય દત્તે કહ્યું હતું કે 'વાસ્તવ' પછી તેને આ ભૂમિકા શક્તિશાળી લાગી હતી. જો કે એવું કંઈ કરવાની તક મળી નથી. તેના પાત્રમાં ઊંડાણ ન હોવાથી અસરકારક બન્યું નથી.

શ્રેયસ તલપડે અને સૌરભ જેવા સારા કલાકારો તો વેડફાયા છે. અઢી કલાકની ફિલ્મમાં લાંબાં ગીતો ગતિને ધીમી પાડે છે. એક્શન ફિલ્મમાં બધા જ ગીતો બતાવવા જરૂરી હોતા નથી. 'બાગી 4' પછી 'બાગી 5' આવશે પણ હોલિવૂડની 'ધ કોન્જુરિંગ' યુનિવર્સનો 9 મી ફિલ્મ સાથે અંત આવી ગયો છે. એ થોડી નિરાશ કરી ગઈ છે, કેમ કે એમાં અગાઉની ફિલ્મો સાથેનું કોઈ જોડાણ બતાવવામાં આવ્યું નહીં. 'એનાબેલ' અને 'નન' જેવા પાત્રોની અવગણના કરી છે. જો 'ધ કોન્જુરિંગ'ની અગાઉની ફિલ્મો ના જોઈ હોય તો સારું હિન્દી ડબિંગ હોવા છતાં વાર્તા એટલી સમજાશે નહીં. અને ડરામણી વાર્તા કહેવામાં આવી છે બતાવવામાં નહીં. છેલ્લી 20 મિનિટ એ કસર પૂરી કરે છે. એમ લાગશે કે છેલ્લી ફિલ્મનો ક્લાઈમેક્સ એટલો દમદાર નથી. છતાં 'એ' સર્ટિફિકેટવાળી 'બાગી 4' અને 'ધ બંગાલ ફાઈલ્સ' કરતાં વધુ દર્શકો મેળવી રહી છે.

### ઓટોગ્રાફ!

અક્ષયકુમારે પોતાની કારકિર્દીની 200મી ફિલ્મની જાહેરાત કરી છે. (અક્કી, તું આ રીતે જ દર વર્ષે કામ કરતો રહીશ તો રૂ.300 કરોડની ક્લબમાં કોઈ ફિલ્મ આવે કે ના આવે સંખ્યા 300 જરૂર થઈ જશે!)

# ધર્મ એટલે શું?

થોમસ ફૂલરે કહ્યું છે: "જે સોગિયો હોય તેને મિત્ર ના બનાવો..!" દોસ્તો, ઝટ સંમત ના થવાય એવી આ સલાહ છે. સત્ય એ છે કે માણસનો દેખાવ નહીં સ્વભાવ ઉપયોગી નીવડે છે. મિત્ર સોગીયો હોય પણ તેનો સ્વભાવ સૌજન્યથી ભરપુર હોઈ શકે અને તેથી તે આદર્શ મિત્ર નીવડી શકે. આજપર્યંત સૌંદર્યમાં છેતરાનારાઓની સંખ્યા કરોડોમાં રહી છે. ઘણીવાર એવું બને છે કે સૌંદર્ય મિત્રનું હોય, પત્નીનું

જીવન સરિતાને તીરે
દિનેશ પાંચાલ

હોય કે પ્રેમિકાનું હોય.. તે ઈન્દ્રધનુષની જેમ પળ બે પળના પરપોટા જેવું હોય છે. માણસ દેખાવડો હોય પણ મળતાવડો ના હોય તો એનું ફૂલ ટાઈમ નુકસાન બીજાએ વેઠવું પડે છે. બીજી તરફ શક્ય છે કે સોગિયો માણસ બુદ્ધિનો બિરબલ હોય અને માનવતાથી માલામાલ હોય તેવા સંજોગોમાં શું કરવું? બરાબર ને..? તો એનો અર્થ એ થયો કે દેખાવ ક્યારેક દગો દઈ જતો હોય છે.

જે રીતે યંત્રોની ટૅક્નોયુનિટી દ્વારા સુંદર કામ થઈ શકે છે તે રીતે માનવીની એકતા, સંપ અને સંગઠન વડે પણ તેવું જ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. મશીન પોતાના દાંતા બીજા મશીનમાં પરોવે છે. તેમની એ સહિયારી સક્રિયતાથી એક સુંદર ટૅક્નીકલ રિઝલ્ટ પ્રાપ્ત થાય છે. માણસે પણ એ રીતે હાથમાં હાથ પરોવીને સુખના ઘણાં સેન્ટરો ઊભા કર્યા છે. ગામડે રહેતી કોઈ નવોઢા વિદેશમાં વસતા પોતાના પતિને મળવા જાય છે ત્યારે સમગ્ર ટેક્નોલોજી તેની મદદે આવે છે. બળદગાડાના પૈંડા તેને ગામના પાદરેથી ટ્રેન સુધી પહોંચાડે છે. ટ્રેનના પૈંડા એરપોર્ટ સુધી પહોંચાડે છે. અને વિમાન તેને વિદેશમાં વસતા વાલમ સુધી પહોંચાડે છે. કોઈ ભક્તને



ભગવાન ન મળવાથી તે દુ:ખી દુ:ખી થઈ ગયો હોય એવું બન્યું નથી. પણ યુવા દંપતિને પરસ્પરની તીવ્ર ઝંખના રહેતી હોય છે. એ ઝંખના કેવી હોઈ શકે તેનો થોડોક અંદાજ ફિલ્મ 'હીર રાંઝા'ના ગીતમાંથી મળી રહે છે. એમાં વિરહી પ્રેમી (રાજકુમાર) ગાય છે: 'ઉનકો ખૂદા મિલે... હૈ ખુદા કી જિન્હેં તલાશ... મુઝકો તો બસ એક ઝલક મેરે દિલદારકી મિલે...! યે દુનિયા... યે મેહફિલ મેરે કામ કી નહીં..!'

યુવાનો પર આક્ષેપ થાય છે કે તેઓ આ દેશની ધરતી પર શિક્ષણ અને તાલીમ મેળવે છે. પછી પૈસા કમાવા વિદેશ ચાલ્યા જાય છે. વાત સાવ ખોટી નથી. બહુધા યુવાનો વિદેશમાં ભણ્યા પછી પરિવાર સહિત ત્યાં જ કાયમી વસવાટ કરી લે છે. તેમની સર્વ દિમાગી તેજસ્વીતાનો લાભ વિદેશોને મળે છે. આ એવી કમનસીબી છે માનો જેને શ્રેષ્ઠ લશ્કરી સેવાનો એવોર્ડ મળ્યો હોય એવો આપણો કોઈ આર્મી ઓફિસર પૈસાની લાલચમાં પાકિસ્તાની લશ્કરનો સેનાપતિ થઈ જાય. વિદેશમાં જવું એ ગુનો નથી પણ તેઓ ત્યાં પુષ્કળ ડોલર કે પાઉન્ડ કમાઈને દેશમાં આવે છે ત્યારે અહીં આપણી સાથે જે રીતે વાતો કરે છે તેમાં તેઓ વારંવાર બોલે છે. "તમારા દેશમાં આવું છે જ્યારે અમારા અમેરિકામાં તો આવું હોય છે..!" દુ:ખ એ થાય છે કે આ દેશની ધરતીની ધૂળમાં રમીને ઉછરેલો માણસ આ દેશને માટે "તમારો દેશ" એવો શબ્દ વાપરે છે. એવા માણસને દેશદ્રોહી ભલે ન કહી શકાય પણ એમની આંખોમાં વિદેશીઓ પ્રત્યે પ્રેમ અને આ દેશ પ્રત્યે જે ધિક્કાર વર્તાય છે; તેને અમે હળહળતો દેશદ્રોહ જ ગણીએ છીએ. ગુજરાતમાં એક કહેવત બોલાય છે. "ઊંટ મરે તો પણ મારવાડ તરફ જુએ..!" ઈશ્વર સૌ વિદેશી ભારતીઓને ઊંટ જેટલી અક્કલ આપે..!

ઉપર આપણે ધર્મની વાત કરી. ધર્મની સીધી સાદી વ્યાખ્યા આ રહી. ધર્મ એટલે સારુ જીવન જીવવા માટેની નિયમાવલી. ધર્મ ખરાબ નથી. માણસ તેને ખરાબ બનાવે છે. સફરજનનું અથાણુ કરીને ખાનારો માણસ ધર્મનું પણ અથાણુ કરી નાખે છે. જેઓ ભરયુવાનીમાં સંસાર છોડી દેવાની ભૂલ કરે છે તેવા સાધુઓ ભવિષ્યમાં તેમની શિષ્યાઓ સાથે સેક્સકાંડ આચરી બેસે છે.

**જે રીતે યંત્રોની ટૅક્નોયુનિટી દ્વારા સુંદર કામ થઈ શકે છે તે રીતે માનવીની એકતા, સંપ અને સંગઠન વડે પણ તેવું જ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. મશીન પોતાના દાંતા બીજા મશીનમાં પરોવે છે. તેમની એ સહિયારી સક્રિયતાથી એક સુંદર ટૅક્નિકલ રિઝલ્ટ પ્રાપ્ત થાય છે**

સંસારમાં રહીને પણ ઈશ્વરની ભક્તિ કરી શકાય છે, પણ એ દીવા જેવી ચોખ્ખી વાત આપણા ધર્મગુરુઓ સમજતા નથી. એથી સમાજના લાખો લોકોને તેઓ ગેરમાર્ગે દોરે છે. બાળપણમાં જ્યારે માણસમાં જાતીયતાનો આવિર્ભાવ થવાનો બાકી હોય ત્યારે સાધુ બની જવામાં તકલીફ પડતી નથી. પણ તેઓ યુવાન થાય છે ત્યારે સાધુ બનવાના તેમના મેનમેઈડ ધર્મ કરતાં યુવાન બનવાનો કુદરતી ધર્મ વધુ પ્રબળ રહે છે.

એવા બાળ સાધુઓનું ભગવુ બ્રહ્મચર્ય બંડ પોકારે ત્યારે તેમના હવસનો હાથી સ્ત્રીઓની શ્રદ્ધાનું શિયળ લૂંટે છે. એથી કહેવાયું છે કે: 'સાધુ થવા કરતાં સીધા થવું ઉત્તમ છે.' પરંતુ યુવાન વયે સાધુ થઈ જનારાઓ માટે સીધા રહેવાનું મુશ્કેલ બની રહે છે. યુવાનીમાં જાતીય આનંદથી દૂર રહેવું એ ભૂખ્યાને ભાખરીથી દૂર રાખવા બરાબર છે.

### ધૂપછાંવ

કહેવાય છે કે રોટલો ઘડવા કરતાં રળવાનું કામ અઘરું છે. કોઈનું ઘર ભાંગવા કરતાં તેની જિંદગી આબાદ કરવાનું કામ કઠીન હોય છે. હાસ્ય અભિનેતા જ્હોની લિવરે તેમના ઈન્ટરવ્યૂમાં એક પંક્તિ ઉચ્ચારી હતી: 'આદમી તૂટ જાતા હૈ એક ઘર બનાને મેં... લોગ ક્યૂં લગે રહેતે હૈં બસ્તિયાં ઉજાડનેમેં...?' માનવીનો જીવનસંઘર્ષ અદ્રશ્ય યુદ્ધ જેવો હોય છે. એક ગરીબ લારીવાળાએ એક વાર કહેલું: 'પેટ ખાલી હોય અને લારી ભરેલી હોય ત્યારે લારી ધકેલવાનું ખૂબ મુશ્કેલ લાગે છે પણ પેટની પીડામાંથી મુક્ત થવા માટે પગ થાક્યા હોવા છતાં બળ કરીને આગળ વધે છે!' આપણો દેશ હળપતિ અને ઉદ્યોગપતિના ખભા પર ઊભો છે. ખેતીથી રોટી પેદા થાય છે અને ઉદ્યોગથી રોટી પકવવાની તવી પેદા થાય છે. ગરીબી સામે ટકી રહેવાની હિંમત આપમેળે પેદા થતી નથી, પેદા કરવી પડતી હોય છે!